ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Phone : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

અખબાર યાદી

Date : 28th January, 2019

પ્રતિ,

તંત્રી શ્રી,

.....,

ભાવનગર.

ગુજરાત સરકારના કલાઇમેટ ચેન્જ વિભાગ દ્વારા ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર ના સહયોગથી

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા બોટાદ જીલ્લાનો ઊર્જા ઉત્સવ યોજાયો

ગુજરાત સરકારના કલાઇમેટ ચેન્જ વિભાગ દ્વારા ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર દ્વારા બાલ ઊર્જા રક્ષક દળ કાર્યક્રમ ૨૦૧૮- ૧૯ દ્વારા વિધાર્થીઓ ઊર્જા અને તેના વપરાશ તથા આવનાર ભવિષ્યમાં ઉત્પન્ન થનાર ઊર્જા કટોકટી વિશે પોતાના વિધાર્થીકાળ દરમ્યાન જાગૃતિ કેળવે એવા હેતુથી Awareness Generation Programmes on Sustainable Energy વિષય આધારિત વિવિધ કાર્યક્રમોનું આયોજન બોટાદ જીલ્લાની ઉચ્ચતર પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કરવામાં આવેલ. શાળા કક્ષાએ યોજાયેલ વિવિધ કાર્યક્રમોમાં વિજેતા થયેલ ૫ (પાંચ) વિધાર્થીઓ માટે તા. ૨૦ ફેબ્રુઆરી,૨૦૧૯ ના રોજ આદર્શ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, હડદડ, જી. બોટાદ ખાતે જીલ્લા કક્ષાના ઊર્જા ઉત્સવ -૨૦૧૯ નું આયોજન કરવામાં આવેલ.

ઊર્જા ઉત્સવ – ૨૦૧૯ માં ઊર્જા અને પર્યાવરણ, પુનઃ પ્રાપ્ય ઊર્જા સ્ત્રોતો, ઊર્જા કટોકટી વિષય આધારિત ઊર્જા ક્વીઝ, ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા અને ચાર્ટ અને મોડેલ પ્રદર્શન સ્પર્ધા ઉપરાંત ઊર્જા સંરક્ષણ રેલી વગેરેમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

આ ઊર્જા ઉત્સવ-૨૦૧૯ ના ઉદ્ઘાટન સમારોહમાં શ્રી જી. જી. ભાંડલિયા (ડેપ્યુટી એન્જીનીયર,PGVCL), શ્રી પ્રભુભાઈ ત્રાસડીયા (મેનેજીંગ ટ્રસ્ટી, આદર્શ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા), સંજયભાઈ ધાંધલ (પ્રિન્સીપાલ, આદર્શ શાળા), શ્રી પાયલ સોલંકી (બાળ વૈજ્ઞાનિક, રાષ્ટ્રીય કક્ષા રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ-૨૦૧૯), શ્રી ભૂમિકાબેન પટેલ (પ્રિન્સીપાલ, એમએસબી શાળા નંબર-૨૪) વગેરે મહેમાનો હાજર રહી વિધાર્થીઓને પ્રોત્સાહન પુરુ પાડેલ.

ઊર્જા ઉત્સવ-૨૦૧૯ નો પ્રારંભ મહેમાનો દ્વારા ઝંડી આપી ઊર્જા સંરક્ષણ રેલી દ્વારા કરવામાં આવેલ. આ ઉપરાંત તમામ વિધાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓમાં યોજી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનારા વિધાર્થીઓને રોકડ રકમથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ચાર વિભાગોની સ્પર્ધાઓમાં વધારે વિભાગોમાં ક્રમાંક પ્રાપ્ત કરનાર શ્રી આદર્શ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાને શ્રેષ્ઠ ઊર્જા શાણી શાળાના એવોર્ડ થી સન્માનિત કરવામાં આવેલ.

28-1-19

(હર્ષદ જોષી),
કોઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.

D:\2018-19\All Letter and Press Note 2018-19 \Press of KRCSC FL 2018-19